નવી બાબત ૨૦૨૧-૨૨

નરસિંહ ભગત કુમાર છાત્રાલય(અ.જા.), પાલડી, જિ.અમદાવાદના A બ્લોક તોડી નવા મકાન બાંધકામ બાબત

# ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/EOE/e-file/17/2022/1717/G

સચિવાલય, ગાંધીનગર

તા.૦૬/૦૧/૨૦૨૩

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૧/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૦/૫૪૦૦૬૫/ન.બા.૧૬/ગ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૦/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૨/૫૬૬૯-૭૧

**આમુખ:**

આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ પછી અભ્યાસ ચાલુ ન રાખી શકતાં હોવાથી આવા વિદ્યાર્થીઓને સમાજની અન્ય હરોળની સાથે શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૧/૨૦૨૨ના ઠરાવથી નરસિંહ ભગત કુમાર છાત્રાલય(અ.જા.), પાલડી, જિ.અમદાવાદના A બ્લોકને તોડી નવા મકાનના બાંધકામ માટે રૂ.૧૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલી હતી. ત્યારબાદ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૦/૦૬/૨૦૨૨ના પત્રથી નરસિંહ ભગત કુમાર છાત્રાલય(અ.જા.), પાલડી, જિ.અમદાવાદના A બ્લોકને તોડી નવા મકાન બાંધકામ માટે રૂ.૧૩૩૨.૫૪ લાખના અંદાજો મુજબ સુધારેલી વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આથી, સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નરસિંહ ભગત કુમાર છાત્રાલય(અ.જા.), પાલડી, જિ.અમદાવાદના A બ્લોક તોડી, નવા મકાન બાંધકામ માટે રજૂ થયેલ રૂ.૧૩૩૨.૫૪ લાખના અંદાજો મુજબ રૂ.૧૩૩૨.૫૪ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર SCW-30 સરકારી કુમાર છાત્રાલયોનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની e-file પર નાણા વિભાગની તા.૨૧/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Harit Rajendra Doshi
Reason: issue GR
Location: Ahmedabad, India
Date: 06-Jan-2023 (12:50 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૩